ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની લોન યોજના અન્વયે મિલકત પર બોજાનોંધ કરવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પરિપત્ર ક્રમાંક : ઇ.બી.સી.-૧૦૨૦૧૮-૮૧૪-અ.૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૧૬/૧૨/૨૦૧૯

**વંચાણે લીધા:**

(૧) વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૯નો પરીપત્ર ક્રમાંક: પરચ/૧૦૦૯/૧૧૯૬/ગ

(૨) વિભાગનો તા.૧૫/૦૫/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક :ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ-૧

(૩) ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના તા.૨૧/૧૧/૨૦૧૯ ના પત્ર ક્રમાંક : બિની/વહટ/૨૦૧૯-૨૦/૧૩૭૦૩ થી આવેલ દરખાસ્ત

**પ્રસ્તાવના**

ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-(૨) આગળના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા અમલમાં મુકાયેલ વિવિધ યોજનાઓની જોગવાઇઓ ઠરાવવામાં આવેલ છે. જે મુજબ રૂ! ૭.૫૦ લાખ કે તેથી ઓછી રકમની લોન માટે બે સધ્ધર જામીનના જામીનખત રજુ કરવાની જોગવાઇ છે પરંતુ ઉક્ત વંચાણે લીધા ક્રમ-(૧) આગળના પરિપત્રથી વિભાગ હેઠળના અન્ય નિગમોમાં રૂ! એક લાખથી વધુ રકમના ધિરાણ માટે, ધિરાણની રકમથી દોઢ ગણી કિંમતની, સ્થાવર મિલકત પર બોજો નોંધવાની સૂચનાઓ અમલમાં છે. જે ધ્યાનમાં લઇને ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-(૩) આગળના પત્રથી નિગમની ધિરાણ યોજનાઓમાં પણ ઉક્ત સૂચનાઓ લાગુ પાડવા અત્રે નિગમ દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે પરત્વે પુખ્ત વિચારણાને અંતે નિગમ દ્વારા કરવામાં આવતા ધિરાણની પુરેપુરી વસુલાત થાય તે માટે આવી જોગવાઇ કરવાનું જરૂરી જણાતાં, નીચે મુજબની સૂચનાઓ આથી પરિપત્રિત કરવામાં આવે છે.

Scanned by CamScanner

પરિપત્ર

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની તમામ ધિરાણ યોજનાઓમાં રૂ ૭.૫૦ લાખ (અંકે રૂપિયા સાત લાખ પચાસ હજાર) કે તેથી ઓછી રકમના ધિરાણ માટે, ધિરાણની રકમથી દોઢ ગણી કિંમતની, લાભાર્થીની પોતાની કે તેના સગા-સંબંધીની મિલકત પર બોજાનોંધ કરાવવાની રહેશે. મિલકત પર બોજાનોંધ કરવામાં આવતી હોઇ, હવેથી બે સધ્ધર જામીન લેવાના રહેશે નહી. આ સિવાયની ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-(૨) આગળના ઠરાવથી કરવામાં આવેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે. આ સૂચનાનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.

પ્રતિ,

(૧) અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(સામાજિક ન્યાય અને અધિકારીતા), સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર

(૨) અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)નું કાર્યાલય, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સચિવાલય, ગાંધીનગર.

(૩) મેનેજીંગ ડીરેકટરશ્રી, બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર. (આપના નિગમની યોજનાઓનો અમલ કરતી જિલ્લા / તાલુકાની સર્વે કચેરીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)

(૪) સર્વે અધિકારીશ્રીઓ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) શાખા સિલેક્ટ ફાઇલ

Scanned by CamScanner